નવગુજરાત સમય, પાના નં-૦૩, તા.૦૩.૦૯.૨૦૨૫





## મેટ્રો ટ્રેનના પિલર પર વર્ટિકલ ગાર્ડન તૈયાર કરવાનું શરૂ...

અમદાવાદના વિવિધ વિસ્તારમાંથી પસાર થતી મેટ્રો ટ્રેનના પિલર ઘણા સ્થળે ટ્રાફિક જંક્શનની વચ્ચોવચ છે. વળી ઘણા સ્થળોએ આ પિલર નીચે કે આસપાસ ગંદકી કે દબાણ જોવા મળતા હોય છે. આ સ્થિતિમાં શહેરની સુંદરતામાં વધારો કરવાના હેતુસર અમુક સ્થળે મેટ્રો ટ્રેનના ઊંચા પિલર પર વર્ટિકલ ગાર્ડન તૈયાર કરવા આયોજન થયું છે. આ પ્રકારનો પ્રયોગ રિવરફ્રન્ટની અમુક દીવાલો અને કેટલાક રોડ ડિવાઇડર વચ્ચેના કિઓસ્ક પર કરાયો છે. જે સફળ રહ્યો છે. હવે મેટ્રોના પિલર પર પણ આકર્ષક હરિયાળી જોવા મળી શકશે. હાલમાં હેલમેટ જંક્શન પરના મેટ્રો પિલર પર આવો ગાર્ડન તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. - તસવીર : પંકજ શુક્લ

નવગુજરાત સમય